*If you want to fly, We provide wings...*

ICE®

# TRENDING CURRENT

TOPIC 16

## SPG ખરડો



ચર્ચામાં શા માટે ?

આ ખરડા વિશે :-

સ્પેશિયલ પ્રોટેકશન ગ્રૂપ :-

સંપાદક

મૌલિક ગોંધિયા
(Director - ICE)

TOPIC-16નો
વીડિયો જોવા માટે અહી
CLICK કરો

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં રાજ્યસભાએ ‘સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપ (SPG) સુધારા ખરડો’ પસાર કર્યો છે. લોકસભામાં આ ખરડો 27 નવેમ્બરના રોજ પસાર કરવામાં આવ્યો હતો.
- આ ખરડા દરમિયાન વિપક્ષ દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યોં હતો.

## આ ખરડા વિશે :-

- પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતિ ઈન્દિરા ગાંધીની હત્યા બાદ પ્રધાનમંત્રીની સુરક્ષા માટે SPG કાયદો ઘડવામાં આવ્યો હતો.
- ‘સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપ’ કાયદો 1988માં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો.
- આ કાયદા અંતર્ગત ભારતના પ્રધાનમંત્રી, પૂર્વ પ્રધાનમંત્રી તથા તેના નજીકના સગા-સંબંધીઓને ‘સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપ’ દ્વારા સુરક્ષા આપવાની જોગવાઈ કરવામાં આવી હતી.
- નવા સુધારા ખરડામાં માત્ર પ્રધાનમંત્રી અને તેના નજીકના સગાઓને SPG સુરક્ષા આપવા માટેની જોગવાઈ કરવામાં આવી છે.
- પ્રધાનમંત્રી સિવાય અન્ય કોઈ પણ વિશિષ્ટ વ્યક્તિ નવા સુધારા ખરડા મુજબ SPG સુરક્ષા માટે હકદાર બનશે નહીં.
- પ્રધાનમંત્રી પદની સેવા પૂર્ણ કર્યા બાદ પાંચ વર્ષ સુધી SPG સુરક્ષા પૂર્વ પ્રધાનમંત્રીને આપવામાં આવશે, ત્યારબાદ SPG સુરક્ષા આપવામાં આવશે નહીં.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આતંકવાદી કે સૈન્ય સંસ્થાઓ દ્વારા ઉદ્‌ભવતાં ખતરાઓ અથવા કોઈ ગંભીર પરિસ્થિતિઓ દ્વારા ઉદ્‌ભવતાં ખતરાઓ માટે પૂર્વ પ્રધાનમંત્રીને આપવામાં આવતી SPG સુરક્ષાની સમય મર્યાદા કેન્દ્ર સરકાર દ્વારા વધારી શકાય છે.

## સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપ :-

- પૂર્વ પ્રધાનમંત્રી શ્રીમતિ ઈન્દિરા ગાંધીની હત્યા બાદ 1985માં ગૃહમંત્રાલયે પ્રધાનમંત્રીની સુરક્ષા બાબત માટે ‘બિરબલ નાથ કમિટી’નું ગઠન કર્યુ હતું.
- આ કમિટીએ પ્રધાનમંત્રીની સુરક્ષા માટે એક ‘સ્પેશિયલ પ્રોટેક્શન યુનિટ’ની રચના કરવાની ભલામણ કરી હતી.
- આ ભલામણને આધારે સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપ એટલે કે SPG નું નિર્માણ 2 જૂન, 1988માં SPG કાયદા હેઠળ પ્રધાનમંત્રીની સુરક્ષા માટે કરવામાં આવ્યું હતું.
- SPGનું નિયમન ‘કેબિનેટ સચિવાયલ’ દ્વારા કરવામાં આવે છે.
- SPGના કર્મચારીઓને કેન્દ્રીય હથિયારી પોલીસ દળ (CAPF) અને રેલવે સુરક્ષા દળ (RPF)માંથી પસંદ કરવામાં આવે છે.
- SPGના વર્તમાન ડિરેક્ટર શ્રી અરુણકુમાર સિન્હા (IPS) છે.
- SPGનું ધ્યેય વાક્ય ‘શૌર્ય, સમપર્ણ, સુરક્ષા’ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

twitter
ICE RAJKOT